-૩૦૦-૩-૨૦૧૫ D\SCHEDULED-2015\UG Exam Form-March-2015.pmd.

**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬,**
**ટેલિગ્રામ : યુનિગુજરાત,**
**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૪૬૨૫/૨૦૧૫**

**પરિપત્ર નં. :** ૩૦

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૧૧-૩-૨૦૧૫**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. (UG) વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને, ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, આગામી એપ્રિલ-મે-૨૦૧૫ માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**યુનિવર્સિટીમાં ફોર્મ મોકલવાની તારીખ (B.A., B.Com., B.Sc., B.B.A. અને B.C.A. માટે)**

| પરીક્ષા | નિયત ફી સાથે છેલ્લી તારીખ | લેઈટ ફી રૂ. ૧૦/- સાથે છેલ્લી તારીખ |
|---|---|---|
| સેમેસ્ટર-૬ | ૨૫-૦૩-૨૦૧૫ | ૧-૦૪-૨૦૧૫ |
| સેમેસ્ટર-૪ | ૧૦-૦૪-૨૦૧૫ | ૧૭-૦૪-૨૦૧૫ |
| સેમેસ્ટર-૨ | ૧૦-૦૪-૨૦૧૫ | ૧૭-૦૪-૨૦૧૫ |

**ત્યાર બાદ કોઈ પણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

**નીચેની પરીક્ષાઓની Online એન્ટ્રી કરવાની છે.**

(૧) ઑર્ડિ.ની જોગવાઈ મુજબ B.A., B.Com., B.Sc., B.B.A., B.C.A. Semester પરીક્ષાનાં નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષા ફી રૂ. | પ્રેક્ટિકલ ફી રૂ. | ફોર્મ ફી રૂ. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧. | B.A. Sem-૨, ૪ અને ૬ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૨. | B.Com. Sem-૨, ૪ અને ૬ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૩. | B.Sc. Sem-૨, ૪ અને ૬ | ૧૭૫/- | ૧૫૦-૦૦ | ૨૫-૦૦ | **૩૫૦-૦૦** |
| ૪. | B.B.A. Sem-૨, ૪ અને ૬ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |
| ૫. | B.C.A. Sem-૨, ૪ અને ૬ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |

(અ) આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રેક્ટિકલ લેવામાં આવતી હોય તે વિષયો માટે કુલ ફી રૂ. ૨૫૦/- અને અન્ય વિષયો માટે રૂ. ૨૦૦/- લેવાની રહેશે.

(બ) B.A., B.Com., B.Sc., B.B.A., B.C.A. Semester-VIના વિદ્યાર્થીઓની પદવી પ્રમાણપત્રની ફી પેટે રૂ. ૨૬૦/- લેવાના રહેશે. જે પરીક્ષા ફી સાથે જમા કરવાની રહેશે.

(૨) પરીક્ષા ફોર્મની Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાની રહેશે.

***[P.T.O.***

(૩) પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે.

(૪) સેમેસ્ટર-૬ના ફોર્મ સાથે વિદ્યાર્થીના સેમેસ્ટર-૧ થી ૫ની તમામ ટ્રાયલની માર્કશીટની ઝેરોક્ષ લગાવવી તથા ફોર્મ આલ્ફાબેટ પ્રમાણે ગોઠવીને બંચ બનાવી કાર્યાલયમાં જમા કરાવવા.

(૫) આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ **(ડિમાન્ડ ડ્રાફ્ટમાં CTS Code હોવો ફરજિયાત છે)** કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે.

(૬) યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

(૭) અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

(૮) યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી તથા કલ્ચરલ ફી પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે. અન્યથા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

(૯) **કૉલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ આપવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. તથા બી.સી.એ. વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ
(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,
(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,
(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,
(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.